જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિ
શાળાઓમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી માધ્ય
સિવાયની પ્રાથમિક શાળાઓ જેવી કે ઉર્દુ, મરા
સિન્ધી તેમજ અન્ય માધ્યમમાં વિદ્યાસહાયક
ભરતી કરવા બાબત.

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગાંધીનગર
૦૨ ... ૨૦૧૬
૧૪૦૯

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૨/સીંગલ ફાઇલ./૭/ક
સચિવાલય,ગાંધીનગર
તા.૨૮/૦૪/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૬/૦૪/૨૦૧૨નો સરખા ક્રમાંકનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૨/સીંગલ ફાઇલ./૭/

(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકરીના તા.૦૫/૦૪/૨૦૧૬ની સિંગલ ફાઇલ પરની દરખાસ્ત

આમુખઃ-

સંદર્ભ(૧)માં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૨ના ઠરાવના ફકરા (૨) (A) (ii) માં કરેલ જોગવાઇમાં સુધારો કરવાની નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

આમુખમાં દર્શાવેલ સંદર્ભઃ-(૨) ની દરખાસ્ત પરત્વે કાળજી પૂર્વકની વિચારણાના અંતે સંદર્ભઃ-(૧) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૨ના સમાનાંકી ઠરાવના ફકરા (૨) (A) (ii) માં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | તા.૨૬/૦૪/૨૦૧૨ ના ઠરાવના (૨) (A) (ii) ની હાલની જોગવાઇ | તા.૨૬/૦૪/૨૦૧૨ નાં ઠરાવના (૨) (A) (ii) ની સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| | (A) (ii) જે માધ્યમની શાળામાં શિક્ષક થવા ઇચ્છતા હોઇ તે માધ્યમની કોઇ પણ શાળામાં ધોરણ-૧૦ સુધી ભણેલા હોવા જોઇએ અથવા/અને ધોરણ-૧૧ અને ૧૨માં તે માધ્યમ એક વિષય તરીકે લીધેલ હોવા જોઇએ અથવા P.T.C ની પરીક્ષા જે તે માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ | (A) (ii) જે માધ્યમની શાળામાં શિક્ષક થવા ઇચ્છતા હોઇ તે માધ્યમની કોઇ પણ શાળામાં ધોરણ-૧૦ સુધી ભણેલા હોવા જોઇએ અથવા/અને ધોરણ-૧૧ અને/અથવા ૧૨માં તે માધ્યમ એક વિષય તરીકે લીધેલ હોવા જોઇએ અથવા P.T.C ની પરીક્ષા જે તે માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ |

૨. આ સુધારેલ જોગવાઇઓ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૩. આ વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૨ ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( અશોક પટેલ )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

૨૯૬૧-૩૦૧૩
ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/૨૦૧૬/ક/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા.૧૧/૦૫/૨૦૧૬

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ.શિ.સ. તમામ
- શાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ.સ. તમામ